# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 08-01-2025** **Midday : 2.30 to 2.35**

**Day : Wednesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

--------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# CABINET

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલનાં નેતૃત્વમાં આજે રાજ્ય મંત્રીમંડળની બેઠકમાં HMP વાયરસ પર નિયંત્રણ માટે તકેદારીનાં પગલાં પર ચર્ચા થઈ હતી. આરોગ્ય વિભાગે HMP વાયરસ અંગે તેનો અહેવાલ રજૂ કર્યો હતો.

બેઠકમાં બનાસકાંઠા જિલ્લાનાં વિભાજન બાદ થયેલા વિરોધ મુદ્દે પણ ચર્ચા થઈ હતી. ઉપરાંત, રાજ્ય વિધાનસભાના સત્ર, સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ અને કેટલાંક નીતિગત વિષયો પર ચર્ચા થઈ હતી.

. . . . . . . . . . . . .

# MAHISAGAR MARG SALAMATI MAS

મહીસાગર જિલ્લામાં દ્વિચક્રી વાહનચાલકોને સેફ્ટીગાર્ડ અને હેલમેટનું વિતરણ કરાયું હતું. રાષ્ટ્રીય માર્ગ સલામતી માસ 2025ની ઉજવણી અંતર્ગત લુણાવાડા ARTO દ્વારા લુણાવાડા મોડાસા રાજમાર્ગ પરથી પસાર થતા વાહનચાલકોને સેફ્ટીગાર્ડ અને હેલ્મેટ અપાયા હતા. દરમિયાન વાહનચાલકોને ટ્રાફિકના નિયમોનું પાલન કરવા માર્ગદર્શન પણ અપાયું હતું.

આ તરફ અરવલ્લી જિલ્લામાં માર્ગ સલામતી મહિનો અને ઉત્તરાયણને ધ્યાનમાં રાખી જિલ્લા પોલિસ અને પ્રાદેશિક વાહનવ્યવવહાર કચેરી દ્વારા વાહનોમાં સેફ્ટી બેન્ડ લગાવવામાં આવ્યા હતા.

મોડાસાના ગાજણ ટોલ નાકાં પર વાહનચાલકોને ટ્રાફિકના નિયમોનું પાલન કરવા માટે અપીલ કરવામાં આવી હતી. આ અંગે અરવલ્લીનાં પોલીસ વડાં શૈફાલી બરવાલે માહિતી આપી હતી.....

(બાઈટ -- શૈફાલી બારવાલ, પોલિસ વડા, અરવલ્લી )

. . . . . . . . . . . . .

# SARBANANDA SONOWAL KUTCH

કેન્દ્રીય બંદર, જહાજ અને જળમાર્ગ મંત્રી સર્બાનંદ સોનોવાલે જણાવ્યું કે, આગામી દિવસોમાં કંડલા બંદર ગ્રીન હાઈડ્રોજન ક્ષેત્રે દેશનું કેન્દ્ર બનશે. ચાલુ નાણાકીય વર્ષમાં 150 મિલિયન મેટ્રિક ટન અને આગામી ત્રણ વર્ષમાં 300 મિલિયન મેટ્રિક ટન કાર્ગો વહન કરવાનો લક્ષ્યાંક છે.

શ્રી સોનોવાલે દિનદયાળ બંદર ખાતે ગ્રીન હાઈડ્રોજન એક્સલેન્સ સેન્ટરનું ખાતમુહૂર્ત, વેસ્ટ રિસાઈકલિંગ પ્લાન્ટ અને કેન્દ્રીય વિદ્યાલયની નવી ઈમારત સહિતના વિવિધ પ્રકલ્પોના લોકાર્પણ પ્રસંગે આ મુજબ જણાવ્યું હતું. તેમણે કંડલા મહાબંદરના ભાવિ આયોજનો પૈકી **57** હજાર કરોડ રૂપિયાના નવા બે પ્રકલ્પ આકાર પામશે તેવી જાહેરાત પણ કરી હતી, જે પૈકી ક્રીક બહાર **27** હજાર કરોડ રૂપિયાનું નવું મેગા ટર્મિનલ બંદર અને **30** હજાર કરોડ રૂપિયાના ખર્ચે શિપ બિલ્ડીંગ પ્રોજેક્ટ સામેલ છે. આ યોજનાઓનાં પગલે કંડલા પોર્ટ આગામી સમયમાં મેગા ટર્મિનલ બંદર બનશે.

. . . . . . . . . . . . .

# Kutch winter

રાજ્યમાં ઠંડીનું જોર વધ્યું છે. ખાસ કરીને કચ્છમાં છેલ્લાં ત્રણ દિવસથી તાપમાનનો પારો સતત નીચે જઈ રહ્યો છે.

કચ્છ જિલ્લાના અમારા પ્રતિનિધિ હેમાંગ પટણી જણાવે છે કે, જિલ્લા મથક ભુજ સહિત સરહદી ગામો ઠંડીમાં ધ્રુજી ઉઠ્યા હતા. નલિયામાં આજે 3.2 ડિગ્રી સેલ્સિયસ લઘુતમ તાપમાન નોંધાયું હતું, જે આ વર્ષનું સૌથી નીચું તાપમાન છે.

લખપત તાલુકાના દયાપરમાં 4 ડિગ્રી સેલ્સિયસ તાપમાનથી ઠંડી વધવાથી લોકોને દિવસે પણ તાપણાંનો આશરો લેવો પડ્યો હતો. ભુજમાં પણ પારો ગગડીને 9 ડિગ્રી સેલ્સિયસે પહોંચ્યો હતો. અબડાસામાં પણ ઠંડીમાં વધારો થયો છે.

. . . . . . . . . . . . .

# TAPI PRAKRUTIK KHETI

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતની અધ્યક્ષતામાં તાપી જિલ્લાના ઉકાઈ ખાતે પ્રાકૃતિક ખેતી અંગે પરિસંવાદ કાર્યક્રમ યોજાયો. દરમિયાન રાજ્યપાલ સહિત કૃષિ નિષ્ણાતોએ ખેડૂતોને પ્રાકૃતિક ખેતી અને શ્રેષ્ઠ પશુપાલન કઈ રીતે કરવું, સ્વાસ્થ્યપ્રદ અનાજ, શાકભાજી અને દૂધ ઉત્પાદનની સાથે સાથે આ ક્ષેત્રે કઈ રીતે વધુ આવક મેળવી શકાય તે અંગે માર્ગદર્શન આપ્યું હતું.

(બાઈટઃ આચાર્ય દેવવ્રત, રાજ્યપાલ)

. . . . . . . . . . . . .

# MEHSANA HMPV

મહેસાણા જિલ્લાની ઉંઝા સિવિલ હોસ્પિટલમાં HMP એટલે કે, હ્યુમન મેટાન્યૂમો વાઈરસને ધ્યાનમાં રાખી આઈસોલેશન વૉર્ડ તૈયાર કરાયો છે. તેમજ પથારી અને દવાઓની વિશેષ વ્યવસ્થા કરવામાં આવી છે. ઉપરાંત સિવિલ હોસ્પિટલમાં ઠેરઠેર જાગૃતિના બેનર લગાવવામાં આવ્યા છે. મહેસાણા સિવિલ સહિત તમામ સરકારી હોસ્પિટલમાં HMP વાઈરસના ટેસ્ટ કરવામાં આવશે.

. . . . . . . . . . . . .

# MAHISAGAR CHINESE DORI

મહીસાગર વિશેષ સંચાલન સમૂહ- SOGની ટુકડીએ પ્રતિબંધિત ચાઈનીઝ દોરીનો વેપાર કરતા એક વ્યક્તિને પકડ્યો છે. મહીસાગરના અમારા પ્રતિનિધિ કૌશિક જોષી જણાવે છે કે, વીરપુર તાલુકાના કુંભારવાડી ગામના બસમથક નજીક એક દુકાનમાં SOGએ તપાસ કરતાં પ્રતિબંધિત ચાઈનીઝ દોરી મળી આવી હતી. પોલીસે નવ હજારથી વધુ રૂપિયાનો માલસામાન જપ્ત કરી ચાઈનીઝ દોરીનું ગેરકાયદે વેચાણ કરતા વ્યક્તિને પકડી વધુ તપાસ હાથ ધરી છે.

. . . . . . . . . . . . . .